જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૧/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૨૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી ૩૮ લીટર દેશી દારૂ અને ૧૭૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫૬૪/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૨૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૦૨૩/૧૬

વસ્ત્રાપુરઃ અનિતાબહેન વિકાશ ધનજંય મંડલ (રહે.સંકલ્પ એરેનીટી સોસાયટી સહજાનંદ પેલેસની બાજુમાં થલતેજ) એ તા.૨/૧૧/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૧૬ કલાક ૭/૩૦ થી તા.૨/૧૧/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાનાં મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે જે ચાવડા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૦૨૪/૧૬

**સરદારનગરઃ** અલ્પેશભાઇ બિપિનભાઇ પરમાર (રહે. સી કોલોની અશોકમીલ ચાર રસ્તા નરોડા) એ તા.૧/૧૧/૧૬ સાંજના ૫/૦૦ વાગે કુબેરનગર ફાટક નજીક સંતોષીનગર જવાનાં નાકા પાસે પોતાનુ મોટર સાયકલ પાર્ક કર્યુ હતુ. જે મોટર સાયકલ અને મોટર સાયકલની બેગમાં સોનાના દાગીના સાથે કુલ રૂપિયા ૪૯,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ અંગેની ફરીયાદ અલ્પેશભાઈ પરમારે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી જે ખરસાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૫/૧૬**

**દરીયાપુરઃ** બુશરાબાનું ઇમરાનભાઇ શેખ (રહે. ચંગીસપોળ દરીયાપુર) એ કોઇ કારણસર પોતાની માતાના ઘરે તા.૩૧/૧૦/૧૬ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે વી.એસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૨/૧૧/૧૬ કલાક ૬/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી ડી ચાવડા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)